# પાલનપુર સિવિલના એમ્બ્યુલન્સની ગેરેજમાં ફાળવાયેલ કેન્ટીનના ટેન્ડરમાં વિવાદ થતા સ્થગીત કરાયું

પાલનપુર, તા. ૨૧

બનાસકાંઠા જિલ્લાના વડા મથક પાલનપુર ખાતે આવેલ સિવિલ હોસ્પિટલના મુખ્ય દ્વાર પાસે આવેલ એમ્બ્યુલન્સની ગેરેજમાં ટેન્ડર દ્વારા કેન્ટીન ફાળવણી કરવામાં આવેલ હતી. જેમાં બીજલ ફાઉન્ડેશનને ફાળવવામાં આવેલ અવધી પૂરી તથા તેનું ફરી ટેન્ડરીંગ કરવામાં આવેલ. જેમાં બહોળી પ્રસિધ્ધિ ધરાવતા અખબારોમાં જાહેર ખબર આપવામાં આવેલ તેવું સિવિલના વહીવટમાંથી જણાવવામાં આવેલ ત્યાર બાદ ફોર્મ સ્વીકારવામાં આવેલ જેમાં સાત ફોર્મ હતા જેમાં છ ફોર્મ સ્વીકારવામાં આવેલા. જેમાં એક ફોર્મ પરત ખેંચાયું હતું. જયારે બાકીના ચાર ફોર્મમાં ભૂલો કાઢવામાં આવેલ અને એકનો માન્યતા આપવાની વાત આવતાં ટેન્ડર ભરનારાઓમાં હોબાળો સર્જાયો હતો જેમાં હર્ષીદ ટ્રસ્ટના કાગળો સંપૂર્ણ હતા પણ સિવિલ સત્તાધીશોની મીલીભગત હોવાના કારણે જે હાલમાં કેન્ટીન ચાલે છે તેને જ આપવા માટે અનુભવની ભુલ કાઢવામાં આવેલ. આમ આ બાબતથી ટેન્ડર ભરનારાઓમાં ભારે હોબાળો સર્જાવા પામતાં રાશી ટ્રસ્ટના ટ્રસ્ટીએ સિવિલ સર્જનની પાસે કયા બહોળી પ્રસિધ્ધી ધરાવતા અખબારમાં જાહેરખબર આપેલ છે તે માંગતા તેમણે જણાવેલ કે અમને ખબર નથી કે જાહેરખબર આવી છે કે કેમ? જિલ્લાના વડા સિવિલ સર્જન હોય અને જાહેરખબર છપાઈ છે કે કેમ તે જાણતા ન હોય તે કેવી રીતે બને એ નક્કી જ હતું કે હાલમાં જે કેન્ટીન ચલાવે છે તેને જ આપવાની હીલચાલ બહાર આવતાં હોબાળો સર્જાયો હતો. અને સત્તાધીશો જવાબ આપવામાં ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા. અને ટેન્ડર ખુલે તેના ૨૪ કલાક પહેલા જ બીજલ ફાઉન્ડેશનનો સંચાલક ટેન્ડર ભરનારાઓને તમારી કઈ કઈ ખામીઓ નીકળશે તે જણાવતો હતો અને તેજ ખામીઓ નીકળેલ. જેથી ફલીત થાય છે કે સિવિલના સત્તાધીશની મીલી ભગત હતી. આ બાબતે અન્ય ટેન્ડર ભરનારાઓ જિલ્લા કલેકટરમાં જઈને ન્યાય માંગવાના છે અને ન્યાય નહીં મળે તો કોર્ટના દ્વાર ખખડાવવાની પણ ચિમકી ઉચ્ચારી હતી. જિલ્લા કલેકટર ઉપરોકત થયેલ ટેન્ડરની પ્રક્રિયાની ન્યાયિક તપાસ કરાવે તેવી પ્રચંડ માંગ ઉઠવા પામી છે. અને તે કેન્સલ કરીને રીટેન્ડરીંગ કરાવાય તેવી સિવિલના કેટલાક સ્ટાફ, મિડીયા કર્મીઓ, જાગૃત નાગરિકોની માંગ ઉઠવા પામી છે.



સેક્ટર-૫માં આવેલ પ્રેરણા વિદ્યાલય ખાતે શાળા કેમ્પસમાં થતાં અકસ્માતોના બનાવોને લઈ ગાંધીનગર ફાયર બ્રિગેડ દ્વારા મોકડ્રીલ યોજવામાં આવી હતી. આ અંગે ફાયર ઓફિસર શ્રી મહેશ મોઢ સાહેબે જરૂરી માર્ગદર્શન પુરું પાડ્યું હતું તે પ્રસંગની તસવીર.




## બનાસકાંઠા જિલ્લામાં જી.વી.કે. ઈ.એમ.આર.આઈ. ૧૦૮ માનવરક્ષા સેવાના સફળતાપૂર્વક પાંચ વર્ષ પુરા કર્યા

ગુજરાતમાં ૧૦૮ની સેવાની શરૂઆત ૨૯ ઓગષ્ટ-૨૦૦૭ના રોજ થઈ અને ત્યાર બાદ કટોકટીના સમયે હોસ્પિટલ પૂર્વેની સારવારનો એક અલગ યુગ રાજ્યભરમાં વિકાસ પામવા લાગ્યો છે. જી.વી.કે. એમ.આર.આઈ. અને ગુજરાતસરકાર સાથે રહીને રાજ્યમાં વ્યાપક ઝડપી વિશ્વાસ ધ્યેય સાથે આગળ આવ્યા છે. ગુજરાત રાજ્યમાં આ સેવા ૧૦૮ અને ૧૨ રાજ્યો પણ કાર્યરત છે. ગુજરાતમાં ૬.૦૩ કરોડથી પણ વધુ વસ્તી કાર્યરત છે. અત્યાર સુધીમાં ૧૦૮ એ ૩૪ લાખ કરતાં પણ ઈમરજન્સી પ્રતિસાદ આવેલા છે. જીવલેણ પરિસ્થિતિમાં ૨,૨૯,૩૨૧ જેટલી જીંદગીઓ બચાઈ છે. હાલમાં તેઓ પ્રતિદિન ૨૧૦૦ થી પણ વધુ પ્રતિસાદ આપે છે અને ૧૦૦ જેટલી જીંદગીઓ બચાવે છે. ૧૦૮ ઈમરજન્સી સેવા ઈએમઆરઆઈ અને ગુજરાત સરકારની લોકભાગીદારીથી વિશ્વાસ અને ચોકસાઈનો પર્યાય બની ગયો છે. આ સેવા જી.વી.કે. ઈમરજન્સી-૧૦૮ મોડલ સેન્સ રીંચ કેર, અને કોલોઅપ તથા સર્વશ્રેષ્ઠ ટેકનોલોજી અને સમર્પિત કર્મચારી ગણથી સુસજ્જ છે. ૧૦૮ નંબર પર આવેલા ૯૯ ટકા જેટલા કોલ્સ ત્રણ સેકન્ડથી પણ ઓછા સમયમાં જે આંતરરાષ્ટ્રીય સ્તર અને ધોરણ કરતાં પણ વધુ છે. આ સેવાને બીજી સેવાઓ કરતાં અલગ પાડે છે. આમ પાંચ વર્ષ પૂર્ણ કરાતા પાલનપુર હાઈવે સ્થિત હોસ્પિટલમાં પ્રેસ પરિષદનું આયોજન કરવામાં આવેલ. જેમાં ડીવાયએસપી યુ. આર. ઠાકોર અને પશ્ચિમ પોલીસના પી.આઈ. આર.કે. પટેલ અને ૧૦૮ના ચીફ સુનીલ પટેલે દિપ પ્રાગટ્ય કરીને સરૂઆત કરેલ. તેમજ ૧૦૮ની સેવા લેનારા અને ઉપીયોગ કરી લોકોની જાન બચાવવાના ભાગીદાર બનેલા લાભાર્થીઓને ઈનામો આપીને પ્રોત્સાહિત કર્યા હતા. (તસવીર : હરેશ જોશી, પાલનપુર)

# મોદી રાજમાં ભગવાન પણ અસલામત : જયરાજસિંહ


## ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ભાંગી પડી હોવાનો દાવો : ગુનેગારોને હવે પોલીસનો ડર રહ્યો નથી

અમદાવાદ, તા. ૨૧

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની ભાંગી પડેલી પરિસ્થિતિ વિષે આક્રોશ વ્યક્ત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા જયરાજસિંહ પરમારે જણાવ્યું છે કે, ગુનેગારોને પોલીસનો ડર રહ્યો ન હોય, તેમ ખુલ્લેઆમ લુંટફાટ અને ઘરફોડ ચોરીઓના બનાવો દિવસે દિવસે વધતા જાય છે. જયરાજસિંહે જણાવ્યું છે કે, ગુજરાતમાં વાયબ્રન્ટ સમિટની ઉજવણીની સ્વપ્ન સૃષ્ટિમાંથી જો મુખ્યમંત્રી હવે બહાર આવ્યા હોય તો તેમણે ગુજરાતના સામાન્ય નાગરિકની ચિંતા કરીને ધાડ, લુંટ અને ઘરફોડ ચોરીઓ થતી બંધ થાય એ માટે ગૃહખાતાના અધિકારીઓને જરૂરી સુચના આપી સામાન્ય પ્રજાજનને ભયમુક્ત બનાવવા માટે કટિબદ્ધ થવું જોઈએ.

જયરાજસિંહે જણાવ્યું છે કે, આખી સરકાર જ્યાં બેસે છે એ ગાંધીનગર ખાતે સામાન્ય પ્રજાજન તો ઠીક, પણ મંદિરમાં રહેલા ભગવાન પણ હવે તો સુરક્ષિત રહ્યા નથી. મુખ્યમંત્રીના નાક હેઠળ એક સહકારી બેન્કનું લોકર તૂંટ્યું છે, મંદિરના ભગવાન પણ લુંટાયા છે, અત્યંત આધુનિક ઓજારોથી સજજ થયેલા ચોરોની ટોળકીઓ હવે બેન્કોના એટીએમ પણ છોડતી નથી. મુખ્યમંત્રીના મત વિસ્તારમાંથી જ બેન્કનું એટીએમ ચોરો ઉઠાવી ગયાના બનાવો પણ બન્યા છે. ધૂમ સ્ટાઈલથી બાઈકસવારો આવીને મંગળસૂત્ર અને અછોડા બેફીકર બનીને તોડી જાય છે. ગુજરાતમાં ક્યારેય ન બન્યા હોય એટલા બળાત્કારના બનાવો છેલ્લા એક માસમાં બન્યા છે. છતાં સરકારના ગૃહખાતાના અધિકારીઓ કુંભકર્ણ જેવી નિદ્રામાંથી બહાર આવતા નથી. જયરાજસિંહે કટાક્ષમાં કહ્યું છે કે, વાયબ્રન્ટ ગુજરાતની સમિટમાં પોલીસખાતાને આધુનિકતાના વાઘા પહેરાવી રહેલા ગૃહખાતાના ઉચ્ચ અધિકારીઓએ મુખ્યમંત્રી અને દેશી-વિદેશી ઉદ્યોગપતિઓની સુરક્ષા માટે જેવો બંદોબસ્ત ગોઠવ્યો હતો. તેવો બંદોબસ્ત જો ગુજરાતના સામાન્ય પ્રજાજનની સુરક્ષા માટે ગોઠવ્યો હોત તો મુખ્યમંત્રીના નાક હેઠળ ગાંધીનગરમાં ભગવાનનું મંદિર લુંટાયું ન હોત.

## શબ્દાવલી - ૪૯૫૮



### આડી ચાવી

૧. ચિત્રો દોરનાર વ્યક્તિ (૪)
૩. કાણુ, છેદ (૩)
૫. એક જાતનું કાપડ (૩)
૭. ગમવું, ના ગમવું (૬)
૧૦. ... આવવું, ખુબ કંટાળી જવું (૨)
૧૨. અમરવેલ (૨)
૧૪. લાંછન, આળ (૩)
૧૬. નબળો, ઢીલો (૪)
૧૭. સાધના કરનાર (૩)
૧૮. પારેવું, હોલો (૪)
૧૯. એક ફળ, રાણ (૩)

### ઊભી ચાવી

૧. દિપક, દિવો (૩)
૨. એક નામનો જપ કરવો તે (૩)
૩. આંખમાં આંજવાથી આંખોને ઠંડક મળે (૩)
૪. આશ્ચર્યકારક, નવાઈનું (૩)
૬. ગેસ, ચૂલો (૩)
૮. વાળ (૩)
૯. બકરો (૨)
૧૧. એક ખનિજ પ્રવાહી ધાતુ (૨)
૧૨. ગુંદર (૨)
૧૩. સળેકડુ (૪)
૧૪. અગાઉથી કરેલા (૪)
૧૫. જફા, નકમી... (૪)
૧૬. શ્રીકૃષ્ણનું એક નામ (૩)
૧૭. ... જહાં સે અચ્છા હિન્દુસ્તાં હમારા (૨)

### શબ્દાવલી ૪૯૫૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) આખેટ (૩) તનહાઈ (૬) હેલ (૮) લલા (૯) ડખલગીરી (૧૨) રજ (૧૩) છેલ (૧૪) રજવાડુ (૧૮) પરબડી (૨૧) રોમ (૨૩) જાળીયું (૨૪) ફસલ (૨૫) ખાણ

**ઊભી ચાવી :-** (૧) આભડછેટ (૨) ટહેલ (૪) હાલરડું (૫) ઈલાજ (૭) લગીર (૧૦) ખલ (૧૧) રીજ (૧૫) વાતોડીયું (૧૬) રોપ (૧૭) પળોજળ (૧૯) રજા (૨૦) બળીયા (૨૧) રોફ (૨૨) મસ

## તોડફોડ અંગે જીટીયુને ખુલાસો કરવાનું સૂચન

અમદાવાદ, તા. ૨૧

૧૯મીજાન્યુઆરીએ ચાંદખેડા ખાતે યોજાયેલા જીટીયુના બીજા પદવીદાન સમારોહમાં વિદ્યાર્થીઓ દ્વારા તોડફોડની ઘટના અંગે સરકારે કડક વલણ અપનાવ્યું છે. અને મહામહિમ રાજ્યપાલ કમલાજી તેમજ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જીટીયુના રજીસ્ટાર અરવિંદ ભંડારીને પરિપત્ર પાઠવીને સમગ્ર ઘટનાનો ખુલાસો માંગ્યો છે. જીટીયુના બીજા પદવીદાન સમારોહમાં જીટીયુ વહીવટીતંત્રની બેદરકારીના કારણે વિદ્યાર્થીઓ ઉશ્કેરાતા તોડફોડની ઘટના બની હતી. જેના અંગે જીટીયુના પદાધીકારીઓ દ્વારા સમગ્ર ઘટનાનો એક બીજા ઉપર દોષારોપણ કરવામાં આવી રહ્યો છે. શિક્ષણ જગત માટે કલંકરૂપ ઘટના અંગે વહીવટીતંત્રે પોતાનું કડક વલમ પ્રગટ કર્યુ છે અને કેમ્પસમાં આચરાયેલ બેદરકારી અને બનેલ સમગ્ર ઘટના અંગે જીટીયુના રજીસ્ટાર અરવિંદ ભંડારી પાસે ખુલાસો માંગ્યો છે. રાજ્યપાલ કમલાજી અને શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા આજે જીટીયુને પરિપત્રો પાઠવવામાં આવ્યા હતા. જેમાં તોડફોડની ઘટના અંગે ત્રણ દિવસમાં ખુલાસો આપવા જણાવ્યુંછે.

## સી.એ.માં પ્રથમ ૫૦ ક્રમાંકમાં અમદાવાદના ૧૦ વિદ્યાર્થીઓ

ધ ઈન્સ્ટીટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા ગત નવેમ્બર-ડિસેમ્બરમાં આયોજિત સી.એ. ઈનલ, સીપીટીની પરીક્ષાનો પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું છે. ઓલ ઈન્ડિયા લેવલે સી.એ.નું પરિણામ ૧૨.૯૭ ટકા આવ્યું છે. અમદાવાદમાં તેનું પરિણામ ૨૧.૦૫ ટકા આવ્યું છે. સીપીટીનું પરિણામ ૨૭.૦૭ આવ્યું છે. ટોપ ૫૦માં અમદાવાદના ૧૦ વિદ્યાર્થીઓએ બાજી મારી છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અમદાવાદ બ્રાંચનાં ચેરમેન જૈનિક વકિલે જણાવ્યું હતું કે અમદાવાદના ૪૧૬૮ વિદ્યાર્થીઓ સી.એ.ની પરીક્ષામાં બેઠા હતા જ્યારે ૩૧૮૯ વિદ્યાર્થીઓ સી.પી.ટીની પરીક્ષામાં બેઠા હતાં.

# ડિઝલના ભાવ વધારાથી જનતા પર બોજ : નિતીન પટેલ

અમદાવાદ, તા. ૨૧

વાહન વ્યવહાર મંત્રી નીતિન પટેલે ગુજરાતની એસટી બસો અને શહેરી બસ સેવાના ડિઝલ વપરાશમાં લિટરદીઠ બાર રૂપિયાના ભાવ વધારા સામે ઉગ્ર આક્રોશ વ્યક્ત કરતાં ભારત સરકાર સામે સખત સશબ્દોમાં વિરોધ નોંધાવ્યો છે. તેમણે જણાવ્યું છે કે ડિઝલના ભાવમાં ૫૦ પૈસા લીટરદીઠ ભાવ વધારવા કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત સદંતર છેતરપીંડી સમાન છે, કારણ કે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન ગુજરાત રાજ્ય માર્ગપરિવહન નિગમની એસટીબસો અને અમદાવાદની એએમટીએસ, બીઆરટીએસ શહેરી બસ સેવાઓને ડિઝલ માટેના બલ્ક કન્ઝ્યુમર્સની શ્રેણીમાં મૂકીને એસટીબસોને માટે ડિઝલ ખરીદીમાં લીટરદીઠ રૂપિયા ૧૨નો વધારો ઝીંકી દીધો છે, જેનાથી જીએસઆરટીસી એકલા ઉપર વરષે ૩૨૬ કરોડ અને શહેરી બસ સેવા ઉપર ૨૫ કરોડનો અસહ્ય નાણાંકીય બોજ વેઠવા વારો આવ્યો છે.

# બોટાદના સ્વામિનારાયણ મંદિરમાં તસ્કરો ત્રાટક્યા

ભાવનગર તા. ૨૧

બોટાદમાં પોલીસનું અસ્તિત્વ નહીંવત બની જતાં મોકળુ મદાન ભાળી ગયેલા તસ્કરો બેફામ બન્યા છે. અગાઉ પાળીયાદ રોડ ઉપર દુકાનોને બાદમાં બંધ મકાનોને નિશાન બનાવ્યા બાદ હવે મંદિરો ડોળ જમાવીને બેઠેલા તસ્કરો ગતરાત્રે બોટાદમાં ભાવનગર રોડ પર આવેલા અક્ષરપુરૂષોત્તમ મંદિરમાં ત્રાટક્યા હતાં. અને મંદિરના બારણાના નકુચા તોડી અંદર પ્રવેશી રોકડ અને પરચુરણ મળી કુલ રૂા. ૨૦ હજાર સાથેની દાનપેટી ઉઠાવી જતા ભાવિકોમાં ભારે રોષ વ્યાપી ગયો હતો. ગત ફેબ્રુઆરી-૨૦૧૨માં જૈન દેરાસરમાં થયેલી રૂા. ૮.૮૭ લાખની ચોરીનો ઉકેલવામાં નિષ્ફળ પોલીસ સામે તસ્કરોએ વધુ એક મંદિર ચોરી કરી ખુલ્લો પડકાર ફેંક્યો છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી વિગતો મુજબ બોટાદમાં ભાવનગર રોડ ઉપર આવેલા અક્ષરપુરૂષોત્તમ મંદિરમાં ગઈકાલે રાત્રે તસ્કરો ત્રાટક્યા હતાં અને મંદિરની દિવાલકુદી મંદિરના પરિસરમાં પ્રવેશી બારણાનો નકુચો તથા લોખંડની ગ્રીલનું તાળુ તોડી મંદિરમાં રાખેલી દાનપેટીનુ તાળુ તોડી તેમાં રાખેલા ડબ્બામાંથી પરચુરણ તથા ચલણી નોટ મળી કલ રૂા. ૨૦ હજારની ચોરી કરી નાસી છૂટયા હતાં.

બનાવની જાણ થતા ભાવિકો મોટી સંખ્યામાં મંદિરમાં ઉમટયા હતાં. અને ભારે રોષ સાથે તસ્કરોને વહેલી તકે ઝડપી લેવા પોલીસ તંત્રને અનુરોધ કર્યો હતો એટલું જ નહીં પરંતુ અવાર-નવાર થત ાચોરીના બનાવો અટકાવવા મો નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવવાની પણ માંગ કરી હતી.

ઘટનાના પગલે બોટાદના સી.પી.આઈ. જી.આર.પટેલ તથા સ્ટાફના માણસો સ્થળ પર દોડી ગયા હતાં અને પ્રાથમિક વિગતો મેળવી ફરારી તસ્કરોને ઝડપી લેવા ચક્રોગતિમાન ક્યાં હતા આ અંગે બોટાદમાં શાસ્ત્રીનગર વિસ્તારમાં રહેતા પટેલ રાજેશભાઈ ધરમશીભાઈ જીવાણીએ બોટાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ગત ફેબ્રુઆરીમાં બોટાદમાં જૈન દેરાસરમાંથી ૮.૮૭ લાખની ચોરી થવા પામી હતી. બનાવના પગલે રોષે ભરાયેલા જૈન સમાજ દ્વારા તાકીદે તસકરોને ઝડપી લેવા અંગે પોલીસ તંત્રસામે આંદોલન છેડયું હતં તેમ છતા આ જ દિન સધી ઉત ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસને હજુ કોઈ સફળતા મળી નથી.

## નરોડા ગામ હત્યાકાંડ કેસમાં

# જજ બદલવાની અરજીમાં ચૂકાદો અનામત રખાયો

## સાક્ષી-દસ્તાવેજી પુરાવા એક સરખા હોવાથી પૂર્વગ્રહ થઈ શકે છે : માયા

અમદાવાદ, તા. ૨૧

નરોડા ગામ હત્યાકાંડ કેસમાં નવા નિયુક્ત થયેલાં જજ ડો. જ્યોત્સનાબેન યાજ્ઞિકને બદલવા માયાબેન કોડનાની સહિત ત્રણ આરોપીઓએ કરેલી અરજીમાં બંને પક્ષકારોની સુનાવણી પૂર્ણ થતાં હાઈકોર્ટના જસ્ટીસ કે. એમ. ઠાકરે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો.

માયાબેન કોડનાની, બાબુ બજરંગી અને કિશન કોરાણી તરફે હાઈકોર્ટમાં એવી રજુઆત કરવામાં આવી હતી કે, નરોડા પાટિયા હત્યાકાંડ કેસમાં ખાસ જજ ડો. જ્યોત્સનાબેન યાજ્ઞિકે ચુકાદો આપેલો છે. નરોડા પાટિયા અને નરોડા ગામ એક જ પોલીસ સ્ટેશનથી હદમાં બનેલો બનાવ છે. બંને કેસમાં સાક્ષી અને દસ્તાવેજી પુરાવા એક સરખા છે. એક જ જગ્યાના બે બનાવ હોવાથી અગાઉના જજે આપેલો ચુકાદો આ બનાવમાં પણ પૂર્વગ્રહ રાખી શકે તેવી શક્યતા જણાય છે. સાચો અને ખરો ન્યાય મળે તે હેતુ ખાતર જજ બદલવું જોઈએ તેવી વિનંતી કરવામાં આવી હતી.

જ્યારે સરકાર તરફે એવી રજુઆત કરવામાં આવી હતી કે, જજ બદલવાની અરજી અગાઉ નીચલી કોર્ટે ફગાવી દીધી છે.

આવી અરજી કરવાની આરોપીઓને કાયદામાં કોઈ જોગવાઈ નથી. ડેઝીગ્નેટેડ જજની નિમણુંક સુપ્રીમકોર્ટના આદેશથી ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસે કરી છે.

આ કેસમાં સુપ્રિમકોર્ટના ડાયરેક્શન હેઠળ કરવામાં આવે છે. નરોડા પાટિયા અને નરોડા ગામ કેસ અલગ અલગ છે. જેમાં સાક્ષી પુરાવા અને દસ્તાવેજી પુરાવા પણ અલગ છે. જેથી આરોપીઓની અરજી રદ કરવી જોઈએ.

# ચાર મહિલાઓએ કોર્ટમાં આગોતરા જામીન માંગ્યા

અમદાવાદ, તા. ૨૧

શહેરના ઓઢવ વિસ્તારમાં આવેલી બાપુનગર મહિલા કો.ઓ. બેન્ક સાથે રૂપિયા ૧.૬૬ કરોડની ઠગાઈ કરવાના કેસમાં પોતાની ધરપકડ ટાળવા ચાર મહિલાઓએ અત્રેની સીટી સેસન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી છે. આ મામલે ટૂંકમાં સુનાવણી હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે.

પોતાની સંભવિત ધરપકડ ટાળવા લીલાબેન ચીમનભાઈ પટેલ, જયશ્રીબેન જયંતિભાઈ પટેલ, પુષ્પાબેન મનિષભાઈ ગજેરા અને મંજુલાબેન પરેશભાઈ ડોબરિયાએ આગોતરા જામીન અરજી કરી એવી રજુઆત કરી છે કે પોતે નિર્દોષ છે. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવાયેલા નથી. આ કેસમાં પોલીસ પોતાની ધરપકડ કરે તેવી ભીતિ છે. પોલીસ ધરપકડ કરે તો સમાજમાં પોતાની બદનામી થાય તેમ છે. અમે હાઉસ વાઈફ છીએ. જેથી યોગ્ય શરતોને આધીન જામીન મંજૂર કરવા દાદ માંગવામાં આવી છે.

આ કેસની વિગતવાર માહિતી એવી છે કે શહેરના ઓઢવ વિસ્તારમાં આવેલી બાપુનગર મહિલા કો.ઓ. બેંકમાં ૯૧૬૫ જેટલા બોગસ ખાતા ખોલવામાં આવ્યા હતા. બોગસ ખાતામાંથી રૂા. ૧.૬૬ કરોડની ઠગાઈ કરવામાં આવી છે. તે મતલબના સહકારી મંડળીના સ્પે. ઓડીટર કાંતિભાઈ રત્નાભાઈ રાઠોડે બંકીમ ચુનીલાલ શાહ સહિત ૧૫ શખ્સોની સામે ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી.

## કંપની સમાચાર

### અમદાવાદમાં યોજાશે મરીન અને પ્લાન્ટેડ એક્વેરિયમ્સ

#### સાથેની ટ્રોપિક્લ ફિશીઝનું પ્રદર્શન એકવાલાઈફ - ૨૦૧૩

અમદાવાદનાં ગુજરાત યુનિવર્સિટી એક્ઝિબિશન સેન્ટરમાં તા. ૨૩ જાન્યુઆરી થી તા. ૨૭ જાન્યુઆરી ૨૦૧૩નાં રોજ મરીન અને પ્લાન્ટેડ એકવેરિયમ સાથેની ટ્રોપિકલ ફિશિઝનું પ્રદર્શન યોજાશે. આ પ્રદર્શનમાં વિવિધ પ્રદેશોની ફિશીઝ, વિવિધ સમુદ્રોની ફિશીઝ, પ્લાન્ટેડ એકવેરિયમ્સ જોવા મળશે. લૌકિક ક્રિયેશન્સ દ્વારા યોજાઈ રહેલા સાતમા એકવાલાઈફ ૨૦૧૩માં ગુજરાતમાં પ્રથમવાર જ જેલી ફિશને દર્શાવવામાં આવી રહી છે.

એક્વાલાઈફ ૨૦૧૩ને પુનાં અને મુંબઈમાંથી અસાધારણ પ્રતિસાદ સાંપડ્યો છે. ગુજરાત યુનિવર્સિટી પ્રદર્શન કેન્દ્રમાં યોજાઈ રહેલા આ પ્રદર્શનમાં ૧૨૦ ટેન્કો ડિસપ્લેમાં હશે અને ૪૦૦ સ્પેસીઝ દર્શાવાશે. તેમાં રેડચિલી એરોવાના, ગોલ્ડન બેક એરોવાના, આફ્રિકન એરોવાના, સિલ્વર એરોવાના, ગોલ્ડ ફિશ, રયુકીન ગોલ્ડફિશ, પર્લ સ્કેલ ગોલ્ડ ફિશ, બબલ આઈ ગોલ્ડ ફિશ, રેડ કેપ ગોલ્ડ ફિશ, રેડ ઓરંડા, ફ્રેન્ટોન્સા, રિફ રીડ ફિશ, રેડ ટેઈલ કેટફિશ, આલ્બોનો કેટ ફિશ, કોઈ કાર્પ, કાર્ડિયલ ટેટ્રા, નિયોન ટેટ્રા, સર્ફી ટેટ્રા, રેડ આઈ ટેટ્રા પેરોટ ફિશ, પાકુ ફિશ, આલ્બીનો પાકુ, ઈન્ડિયન જાર, એલીગેટર જાર, પ્લાવરહોર્ન બાયોન્સ, સ્ટ્રીંગ રે, ડાયમન્ડ એન્જલ, લેપર્ડ એન્જલ, વ્હાઈટ એન્જેલ, માર્બલ એન્જલ, ડિસ્કસ ફિશ, બ્લેક ઘોસ ફિશ, ટાટુ ફિશ, લિપ્સ્ટીક ફિશ સકર વગેરેનો સમાવેશ થાય છે.

## ચૂંટણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણીમાં કુલ ૨,૦૯,૭૨૭ મતદારો નોંધાયેલા છે. જેમાં ૧,૦૭,૮૧૨ પુરૂષ મતદારો છે અને ૧,૦૧,૯૧૫ સ્ત્રી મતદારો નોંધાયેલ છે. ગાંધીનગર તાલુકા પંચાયતની મુદત ૨૦મી ફેબ્રુઆરીના રોજ પૂર્ણ થઈ રહી છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની આ ચૂંટણી સાથે બે જિલ્લા પંચાયત અને ૧૩ તાલુકા પંચાયતોની પણ ચૂંટણી યોજાઈ રહી છે.

દરમ્યાન રાજ્ય ચૂંટણી પંચના સચિવ શ્રી પ્રકાશ શાહે જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજ્યની ત્રણ તબક્કાઓની ચૂંટણીઓ ફેબ્રુઆરી માસમાં યોજાવાની છે. જેમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ૩જી ફેબ્રુઆરી, નગરપાલિકા માટે ૧૦મી ફેબ્રુઆરી અને તાલુકા પંચાયત જિલ્લા પંચાયતની ચૂંટણીઓ ૧૭ ફેબ્રુઆરીના રોજ યોજાશે.

તેમણે પત્રકારોના પ્રશ્નોના ઉત્તરમાં જણાવ્યું હતું કે આ ત્રણેય તબક્કાની ચૂંટણીમાં ૮૦ લાખથી પણ વધુ મતદારો મતદાન કરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના પ્રતિનિધિઓ ચૂંટશે. તેમણે જણાવ્યું હતું કે તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતની ચૂંટણી માટે હવે પછી નિરીક્ષકોની નિમણુંક કરવામાં આવશે.

તાલુકા પંચાયતની ચૂંટણી માટે ખર્ચની મર્યાદા રૂ. ૧.૨૫ લાખ અને જિલ્લા પંચાયત માટે રૂ. ૨.૫૦ લાખ નિયત કરવામાં આવેલ છે.

તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત તેમજ ત્રણ બેઠકોની પેટા ચૂંટણી મળી કુલ ૪૬૬ બેઠકો માટે આ જંગ ખેલાશે જેમાં ૪૦૨૭ મતદાન મથકો પર મતદાન થશે. આ ચૂંટણીમાં ૩૨,૩૨,૪૦૧ મતદારો તેમના મતાધિકારનો ઉપીયોગ કરનાર છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની આ ચૂંટણીઓ જાહેર થતાં જ કર્મચારીઓની રજાઓ રદ કરવામાં આવે છે.

## ભેદ ઉકેલાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર સુપરમોલ-૧ કોમર્શીયલ કોમ્પલેક્ષમાં સ્થિત આઈટીની જે ઓફિસમાં બ્લાસ્ટ થયો હતો તેની પાછળ નીચેથી પસાર થતી જીએસપીસી ગેસમાં લીકેજ થતા તે ગેસ ગટરલાઈન મારફતે ટોયલેટના મરબામાં જમા થયો હતો. જ્યાંથી આ ગેસ સીલીંગમાં લગાવેલી પી.ઓ.પી.માં એકત્રીત થયો હતો. બીજી તરફ છેલ્લા ચાર દિવસથી આ ઓફિસ બંધ હાલતમાં હોવાથી ગેસ સતત એકઠો થયો હતો. કોમ્પલેક્ષની અન્ય ઓફિસો આ દરમિયાન ખુલ્લી હોવાથી અન્ય ઓફિસોમાં ગેસ જમા થયો ન હતો. બીજી તરફ લાંબા સમયગાળા બાદ ઓફીસ ખુલતા એ.સી. ચાલુ કરતા જ સ્પાર્કિંગ થયું હતું અને જબરદસ્ત બ્લાસ્ટ થયો હતો. અલબત્ત જી.એસ.પી.સી.ની ગેસલાઈનમાં લીકેજ હોવાના કારણે ધડાકો થયો હોવાનું તપાસના અંતે બહાર આવ્યું છે.

**ટેન્ડર નં. નાનિ/કામાવિ/૧/૨૦૧૩**

નાયબ નિયંત્રક, કાનુની માપ વિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી, બ્લોક/બી, બીજો માળ, એમ.એસ. બિલ્ડીંગ, પથિકાશ્રમ પાસે, સેક્ટર નં. ૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૧ હેઠળ કાર્યરત મોબાઈલ વે બ્રિજ ટેસ્ટીંગ કીટ માટે ડ્રાયવરો તથા વૉચમેનની સેવાઓ આઉટસોર્સથી પુરી પાડવા માટેનું ટેન્ડર (બીજો પ્રયત્ન) તા. ૨૨/૧/૧૩ થી તા. ૧૧/૨/૧૩ સુધી કચેરી સમય દરમિયાન ટેન્ડર ફી રૂ. ૧૦૦૦/- રોકડા ભર્યેથી કચેરીના કામકાજના દિવસો દરમિયાન મળી શકશે. ટેન્ડર સાથેની શરતો / સુચનાઓ કચેરીના નોટીસબોર્ડ ઉપર જોઈ શકાશે.

નાયબ નિયંત્રક, કા.મા.વિ.ગ્રા.બા.
અમદાવાદ રીજીયન, ગાંધીનગર

માહિતી/૨૦૬૭/૧૨-૧૩